# રાજકોટ મહાનગરપાલિકા

મહેકમ શાખા (રૂમ નં.૧, બીજો માળ), ડૉ. આંબેડકર ભવન,
ઢેબરભાઇ રોડ, રાજકોટ. પીન કોડ – ૩૬૦૦૦૧
ફોન: ૦૨૮૧-૨૨૨૧૬૦૭

**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ અન્વયે "સેનેટરી સબ ઈન્સ્પેક્ટર" સંવર્ગના ડોક્યુમેન્ટ વેરીફિકેશનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે.**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | ડોક્યુમેન્ટ વેરીફીકેશન તારીખ |
|---|---|---|---|
| ૦૧ | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | ૦૪ | તા.૨૧/૦૭/૨૦૨૬ |

ડોક્યુમેન્ટ વેરીફીકેશન સ્થળ:– રાજકોટ મહાનગરપાલિકા, મહેકમ શાખા, સેન્ટ્રલ ઝોન, બીજો માળ, રૂમ નં.૧, ઢેબરભાઈ રોડ, રાજકોટ

ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમય:–સવારે ૧૦:૦૦ કલાકે

**નોંધ:–**

૧) સદરહુ ભરતીમાં ઓનલાઈન અરજી કરેલ તમામ ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં બોલાવવામાં આવેલ છે તેમજ તેઓને એસ.એમ.એસ. થી જાણ કરેલ છે. સદરહું ડોક્યુમેન્ટ વેરીફીકેશનના કોલલેટર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

૨) ઉમેદવારે તેઓના કોલલેટરમાં દર્શાવેલ તારીખ,સમયે જ નિયત સ્થળે આવવાનું રહેશે ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો કોલલેટર તેમજ તેની સાથે આપવામાં આવેલ ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફોર્મ સંપુર્ણ ભરી, ફોટો ચોંટાડીને સાથે રાખવાનું રહેશે.

3) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા તમામ આધાર–પુરાવાઓ/પ્રમાણપત્રો (અસલ+ સ્વપ્રમાણિત નકલ) સાથે લાવવાના રહેશે.

**અગત્યની સુચના**

1) ઉમેદવારે જાતે જ સ્વખર્ચે આવવાનું રહેશે. પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે. તે જ તારીખ અને સમયે આવવાનું રહેશે.
2) ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે. તથા દરેક પ્રમાણપત્રોની નકલ સ્વ પ્રમાણિત કરીને લાવવાની રહેશે.
3) જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે–સમયે કોઈ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સંબંધિત ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે અને ત્યારપછી તે બાબતે કોઈ પણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.
4) પ્રમાણપત્રોની ચકાસણી થયા બાદ રાજકોટ મહાનગરપાલિકાની સ્ક્રુટીની કમિટી દ્વારા જરૂર જણાયે તમામ/અમુક ઉમેદવારોના ઉપરોક્ત દર્શાવ્યા સિવાયના પ્રમાણપત્રો રજુ કરવા ફરમાવી શકશે. અને તેવા ઉમેદવારોએ સમય મર્યાદામાં પ્રમાણપત્રો ફરજીયાત રજુ કરવાના રહેશે.
5) જો કોઈ ઉમેદવારના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતા સમયે કે ત્યારબાદ મહાનગરપાલિકાની સ્ક્રુટીની કમિટીમાં કોઈ ઉમેદવાર જો જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ન હોવાનું નિયત પ્રમાણપત્રો ધરાવતા ન હોવાનું ફલીત થાય તો તેઓને ભરતી પ્રક્રીયા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. જેની તમામે નોંધ લેવી.
6) જાહેરાતમાં દર્શાવેલ તમામ લાયકાત, અનુભવ, તેમજ અન્ય પ્રમાણપત્રો જાહેરાત અન્વયે અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈ ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવામાં આવશે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

**ખાસ નોંધ:–** ઉમેદવારો દ્વારા રજુ કરવામાં આવેલ કોઈપણ પ્રમાણપત્ર જો ચેડાયુક્ત, બનાવટી, જાલી, ગેરકાયદેસર અથવા ગેરરીતીપુર્વક મેળવેલ હોવાનું માલુમ જણાયે આવા ઉમેદવાર વિરૂધ્ધ ધારાધોરણ સરની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા
મહેકમ શાખા